૫૫
૮

ણામૂર્તિ બાલસાહિત્યમાળા

ંપાદનઃ ગિજુભાઈ • તારાબેન

# ગિરિશિખરો

1600066



સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ગિરિશિખરો

: લેખક :

તારાબેન

શારદામંદિર
અમદાવાદ૭
૧૭૪
ગ્રંથમંદિર

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

શ્રી દક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા
પુસ્તક ૫૭ મું

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
ગાંધી માર્ગ, અમદાવાદ-૧

© પ્રકાશકનાં

મુદ્રણ પાંચમું :
જાન્યુઆરી ૧૯૬૬

મૂલ્ય પચાસ પૈસા

[૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦-૦૦]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

## અનુક્રમ

ઊંચો ગઢ ગિરનાર ૩
આબુરાજ ... ... ૧૭
હિમાલયનાં દર્શને... ૨૫

# ગિરિશિખરો

## ઊંચો ગઢ ગિરનાર

: ૧ :

રેલગાડીના ડબ્બામાં અરધી ઊંઘતી અરધી જાગતી હું પડી હતી.

નાની શારદા એકાએક બોલી : "બા બા ! આ પેલો ગિરનાર; આ પેલો; પે....લો ! "

કૂદકો મારીને બાલુ બારી પાસે ગયો. "ક્યાં છે ગિરનાર ? ક્યાં છે? "

સૂઈ રહેલાં વાણિયો ને વાણિયણ ઝટ દઈને ઊઠ્યાં ને ભાવથી ગિરનારની વંદના કરી.

માજીએ હાથ જોડીને માથું નમાવ્યું : "જય અંબા મા ! જય ભવાની ! "

ખૂણે બેઠેલા બાવાજીએ ગર્જના કરી : "જય ગોરખનાથ! જય ગુરુદત્તાત્રય! જય દત્તદિગંબર, જય!"

મેં બારીમાંથી જોયું ને મનમાં ગણગણી : "ખરેખર! બરાબર જ ગાયું છે—

**ઊંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે.**"

મોટો ભવ્ય ગિરનાર! એકેએક ટૂક વાદળ સાથે જાણે કે વરસોની જૂની વાતો કરતી હતી. દેશદેશથી આવેલાં વાદળાંઓ, ને જુગજુગનો જૂનો જોગી ગિરનાર: બંનેએ કેટલું ય જોયેલું, ને કેટલી યે વાતો કરવાની!

"બાલુ. શારુ! જુઓ. વાદળાં અને ગિરનાર કેવી વાતો કરે છે?"

બાલુ કહે : "પણ બા! આ ઘડીકમાં બધી ટૂકો વાદળાંમાં ઢંકાઈ ગઈ."

મેં કહ્યું : "એ તો જૂનાં દોસ્તો ખરાં ને! વાતો કરતાં કરતાં બહુ હેત આવ્યું એટલે ભેટી પડ્યાં."

ટૂકો=ટોચ; શિખર

"હું વાત કરતાં કરતાં તને ભેટી પડું છું એમ; ખરું ?" એમ કહી શારદા મને ભેટી પડી. ડબ્બાનાં માણસો શારદાની સામે જોઈ રહ્યાં.

: ૨ :

જૂનાગઢ પાસે આવતું હતું.

શારદા ને બાલુનો વાદ ચાલતો હતો.

શારદા કહે: "ગિરનાથી ઊંચો ડુંગરો હોય નહિ, તો ?"

બાલુ કહે: "નહિ કેમ ? હિમાલય ગિરનારથી ઊંચો."

શારદા કહે: "તેં ક્યાં હિમાલય જોયો છે ? અમસ્થી મોટી વાતો કરે છે."

બાલુ કહે: "પણ માસ્તરે કહ્યું છે કે દુનિયા આખીમાં હિમાલય સૌથી ઊંચો."

શારદા કહે: "ઊંચો હોય તો ભલે હોય; પણ ગિરનારથી તો નહિ. જ. નજરે જ જો ને, આ ગિરનાર કેટલો બધો ઊંચો છે ?"

બાલુ ચિડાયો ને મારી પાસે આવ્યો. "જો ને બા ! શારદા ?"

મને હસવું આવ્યું. બાલુ પણ હસ્યો. શારદાએ ફરીથી બાર દઈને કહ્યું : "જો જો, આ કેટલો બધો ઊંચો છે? બસ, ગિરનાર જ ઊંચો છે!"

મોં ફેરવી બાલુએ પૂછ્યું : "બા! પહેલાં તો આ ભૂરો દેખાતો હતો ને હવે પાછો કાળો કેમ દેખાય છે?"

"એ તો ફરતી ઝાડીને લીધે કાળો લાગે છે. દૂરથી ભૂરો દેખાય; સાવ પાસેથી વળી જુદો દેખાશે. પાસે જઈશ ત્યારે ખબર પડશે. દૂરથી ડુંગર તો જુદા જ દેખાય. જો, પણે દૂર દૂર છે તે કેવા લાગે છે?"

બાલુ કહે : "એ તો રાખના ઢગલા છે."

શારદા કહે : "નારે, એ તો વાદળાં છે."

મેં કહ્યું : "લ્યો, બેઉનું બોખલું! બંનેનું ખોટું. એ તો ડુંગરા છે; દૂરથી એવા લાગે."

મારી પાસે બેઠેલાં ડોસીમા બોલ્યાં : કહે છે ને, દૂરથી ડુંગર રળિયામણા!"

બાલુ ને શારુ બારી પાસે જઈ ને ડુંગરા જોતાં બેઠા.

એટલામાં તો સ્ટેશન આવ્યું : " જૂનાગઢ જૂનાગઢ ! "

અમે સૌ ઊભાં થયા.

: ૩ :

ગિરનારની તળેટી એટલે એકલી ધર્મ-શાળાઓ ને મંદિરો.

અમે મંદિરો ઠીક ઠીક જોઈ વળ્યાં; પછી ફરતાં ફરતાં એક રામજીમંદિરે ગયાં. રામજી-મંદિર ઉપર કેટલા યે વાંદરા હતા; હૂકાહૂક કરતા હતા.

મંદિરનો બાવો કહે : " ડરના નહિ. એ રામચંદ્રજી કી સેના હૈ. હનુમાનજી બડા સેવક થા. રામચંદ્રજી કા બાસ હોવે વાં બંદર ભી હોવે ના ! ક્યું ન હોવે ? ચલે આઓ અંદર."

અંદર જઈ બાવાજીએ ભજનની ધૂન માંડી. મોટા બાવાજીના હાથમાં મોટા મોટા ઝાંઝ હતા. એકના હાથમાં કરતાળ ને એકના હાથમાં મંજીરાં હતાં. એક નાનો બાવો તાલમાં ઘંટ વગાડતો હતો.

બરાબર ધૂન જામી. અમે પણ એમાં ભળી ગયાં.

"રઘુપતિ રાઘવ રાજારામ,
પતિતપાવન સીતારામ.
રઘુપતિ રાઘવ રાજારામ,
પતિતપાવન સીતારામ."

બાવાજી તો ગાતા જાય ને ઊછળી ઊછળીને ગવરાવતા જાય.

અમે બધાં તાળીઓ પાડતાં જઈએ ને ઝીલતાં જઈએ. આરતી પછી પ્રસાદી મળી ને 'રામચંદ્રજી કી જે!' 'સીતા મૈયા કી જે!' 'લક્ષ્મણજી કી જે!' 'હનુમાનજી કી જે!' કરતાં અમે પાછાં વળ્યાં ને તળેટીમાં રાત રહ્યાં.

રાત્રે કાંઈ શોભા!

ચાંદનીમાં એ મંદિરો તો જાણે ચોખ્ખી ચાંદીનાં બન્યાં ન હોય!

ગિરનાર પોતે પણ કેટલો બધો શાંત ને ગંભીર! જાણે ધોળી જટાવાળો જોગી ધ્યાનમાં બેઠો. ન હલે કે ન ચલે. જાણે કે સામે જોતાં થંભી જઈએ એવો એનો પ્રતાપ.

ઊંચે જોઈ આંગળી ચીંધી છોકરાંઓને મેં કહ્યું: "આ પેલું અંબાજીનું મંદિર. આપણે કાલે ત્યાં જવું છે."

શારદા ને બાલુ ઊંચે ડોકે જોઈ રહ્યાં.

શારદા કહે: "આટલે બધે ઊંચે? આ બાપ રે! કેમ ચડાશે?"

બાલુ કહે: "હું તો આમ કૂદતો કૂદતો ચાલ્યો જઈશ. કેમ બા! હું પાલીતાણાનો શેત્રુંજો ચડ્યો હતો કે નહિ?"

શારદા કહે: "હું યે પાલીતાણે ગઈ'તી."

બાલુ કહે: "અરે તું તો થાકી ગઈ'તી; પછી પેલા મજૂરે તને ઊંચકી લીધી હતી."

"ને નાનો હતો ત્યારે તું નહિ થાકતો હોય, કેમ!"

"પણ હવે કાંઈ થાકવાનો?"

"હું પણ નહિ થાકવાની તો! આમ દોડતી જાઉં. કાલ સવાર પડવા દે."

: ૪ :

અમે ડુંગરો ચડવા લાગ્યાં.

પરોઢિયાનું ઝાંખું અજવાળું હતું. પગથિયાં બરાબર દેખતાં ન હતાં. માણસોનાં મોં સૂઝતાં ન હતાં.

બે બાજુએ ગીચ વન. સીતાફળીનાં ફૂલોથી ડુંગર આખો મહેકી રહ્યો હતો.

આગળ ચડ્યાં.

લીલા વનની લીલી લીલી શોભા! આંખ ઠરતી હતી. પાછી મધુર સુગંધ આવી. "એ તો પારિજાતકની સુવાસ. અહીં તો પારિજાતકનું જ રાજ્ય. એકલા પારિજાતક જ."

જરા આગળ ચાલ્યાં.

ત્યાં તો વનફળો ને વનલતા! પીળાં, જાંબલી ને કેટલી યે જાતનાં વનફૂલો!

શારદા ને બાલુ તો વીણતાં જાય ને ચડતાં જાય; ભેગાં કરતાં જાય ને મને આપતાં જાય.

તળેટીની પહેલી ટેકરી તો ચડ્યાં. બધાં કહે: "ઓહો. ગિરનાર ચડવો એમાં શું? અહીં તો બાંધેલાં પગથિયાં છે!"

બધાં પાછાં ચડવા લાગ્યાં.

પણ હવે આવવા લાગ્યા ઊભા ઢાળ.

થોડુંક ચડીને શારદા તો પગથિયાં ઉપર બેસી જ ગઈ. બાલુનો ચહેરો લાલ થઈ ગયેલો હતો; તે હાંફતો હતો. મારી બહેન તો શારદા સાથે જ બેસી ગઈ! મારા પગ પણ ભરાઈ ગયા હતા. અમે સૌ ઊભાં રહ્યાં, ને એકમેકની સામે જોઈ હસી પડ્યાં. ઘડીકમાં જ અમને ખબર પડી કે ગિરનાર ચડવો કાંઈ સહેલો નથી.

સારું થયું કે ડોળીવાળા ને મજૂર મળી ગયા. ચૂપચાપ શારદા ને તેની માશી ડોળીમાં બેસી ગયાં. મજૂરોને પોટકાં આપી ધીમે ધીમે થાક ખાતાં ખાતાં અમે સૌ ઉપર ચડવા લાગ્યાં.

માંડ માંડ ત્રણ ચાર કલાકે ઉપર પહોંચ્યાં.

અમને થયું: "પહેલી ટૂક, પહેલી ટૂક! હાશ! પહોંચી ગયાં."

:૫:

જરા વારમાં અંબાજી પહોંચ્યાં. નાળિયેર

ડોળી=ઊંચકી લઈ જવા માટે એક તરેહની બે કે ચાર માણસો ઉપાડીને ચાલે તેવી ઝૂલતી માંચી.

વધેર્યા. માતાનાં દર્શન કરી પગે લાગ્યાં. શેષ લઈ સૌ અગાશીમાં આવ્યાં.

પવન તે કાંઈ પવન! ઠંડો ને મીઠો. પણ એટલો જોસથી વાય કે જો બરાબર ધ્યાન ન રાખીએ તો પડી જવાય.

શારદા ડોળીમાં આવેલી એટલે એના પગ સાજા હતા. એ તો લાગી નાચવા ને કૂદવા!

પણ બાલુ તો થાક્યો હતો. એ તો બેઠો બેઠો હાથ જ નચાવવા લાગ્યો, ને ગાવા લાગ્યો.

"વાહ!" અમારું મન બોલી ઊઠ્યું. "વાહ! ગિરનાર તે ગિરનાર. જેવો તેવો હોત તો સિદ્ધરાજ સામે આટઆટલાં વર્ષો કાંઈ ટકત?"

અગાશીમાંથી ચારે તરફ જોવા લાગ્યાં.

કેવો અદ્‌ભુત દેખાવ!

નીચે પથરાયેલું જૂનાગઢ શહેર: જાણે ભરત ભરેલા રંગબેરંગી ગાલીચાના કટકા! ને પેલાં લીલાં લીલાં ખેતરો? મોટાં ખેતરો પણ જાણે નાના નાના ચાકળા!

શારદા તો છેતરાઈ જ ગઈ! એને તો ખબર જ નહિ કે એ ખેતરો હશે. એ કહે: "બા! પેલું શું પાથર્યું છે?"

"તને શું લાગે છે?"

શારદા કહે: "શેતરંજીઓ ને આસનો આમ શું કામ પાથરી રાખ્યાં હશે?"

અમે સૌ હસી પડ્યાં.

ઉપરથી નદીઓ ને દૂરદૂરનાં ગામો જોવાની ભારે મજા પડી. નદીઓ તો જાણે ધોળી ધોળી રૂપાની પટ્ટીઓ, ને ગામો જાણે ટપકાં ટપકાં! નજર કેટલે ય દૂર સુધી પહોંચે.

: ૬ :

"જય ગુરુ ગોરખનાથ! જય ભૈરવ! જય નાથ!" કરતાં અમારામાંથી કેટલાંક ઊપડ્યાં. શારદા ને બાલુના ભાર નહિ કે ચાલીને પહોંચે; એટલે તેમને ડોળીમાં મોકલી દીધાં. એટલાં થાક્યાં હતાં કે આગળ વધવાની શ્રદ્ધા જ ન રહી. પછી અમે ગોમુખી જોઈ. નાહિધોઈ પૂજાપાઠ કરતાં હતાં ત્યાં દત્તાત્રેયવાળી મંડળી આવી

પહોંચી. શારદા ને બાલુ ડોળીમાંથી કૂદી પડ્યાં. ભૂખ તો એવી લાગી હતી કે સહુ ચૂપચાપ ખાવા જ લાગી ગયાં. જરાક પેટમાં પડ્યું એટલે વાત ચાલી.

બાલુ કહે : "આજે ભાતું બહુ મીઠું લાગે છે. માશીએ સરસ બનાવ્યું છે!"

માશી કહે : "ના રે ભાઈ! એ તો આ ગિરનારના પ્રતાપ! આટલું ચડીને આવ્યાં તે સૂકો રોટલો પણ મીઠો લાગત!"

શારદા કહે : "એ તો ગળી પૂરી એટલે મીઠી લાગે છે. બા! અમે તો ઊતર્યાં ને ચડ્યાં ને એવું બન્યું."

બાલુ કહે : "શારદા સાચું કહે છે; ત્યાં એમ જવાય છે. પહેલાં નીચે ઊતરવાનું, પછી પાછું ચડવાનું. જવાનું બહુ અઘરું છે. બિચારા ડોળીવાળા તો હાંફતા હતા. કાંઈ પરસેવો વળ્યો હતો! વચ્ચે વચ્ચે થાક ખાવો પડે! નીચે એટલે ઊંડું કે અમને જોવાની યે બીક લાગે. અમને થતું હતું કે અહીંથી પડી જઈશું તો? શારદાએ તો મને પકડી જ રાખેલો!"

: ૭ :

પથ્થરચટ્ટીથી ત્રણ વાગે શેષાવન જોવા નીકળ્યા. વાંદરાની જેમ ચાર પગે ચાલીને જવું પડે એવું છે.

શેષાવન કાંઈ રમ્ય! આંબાની સુંદર ઘટા હોય, જાતજાતની વેલીઓ વૃક્ષો ઉપરથી લટકતી હોય, ને વનપક્ષીઓ કિલકિલાટ કરતાં હોય. કેવું સુંદર! રામચંદ્રજી અને સીતાજી રહ્યાં હતાં તે આ વન—

**"સખી ત્રીજે તે વનકેરી ઝાડી રે;**
**સારી શોભે સીતાજીની વાડી રે."**

તે આજ વાડી હશે.

શેષાવનમાંથી તો ઊઠવાનું મન જ ન થાય. પણ સાંજ પહેલાં ઉપર પહોંચવું જ જોઈએ એટલે અમે ઊઠ્યાં ને ધીમે ધીમે કરતાં ઉપર પહોંચ્યાં. પણ શેષાવનની શોભા તો આંખમાં રહી જ ગઈ.

રાતવાસો ઉપરકોટમાં રહી સવારે વહેલાં ઊઠી ઉપરકોટનાં દહેરાં જોવા તૈયાર થયાં.

એકમાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજા-માં એમ કરતાં કેટલાં ય દહેરાં જોઈ વળ્યાં.

બાલુ ને શારદા તો દહેરાંની કારીગરી જોતાં ધરાય જ નહિ. મારી બહેન કહે : "પાલીતાણા કરતાં યે મને તો અહીંનાં દહેરાં બહુ ગમે." સાચે જ, કારીગરી સાદી છતાં મનોહર હતી.

: ૮ :

ઉપરકોટ જોઈ અમે નીચે ઊતર્યાં. જાત-જાતનાં ને ભાતભાતનાં ફૂલો વીણતાં વીણતાં ને રાણકદેવી ને રા'ખેંગારની વાતો કરતાં કરતાં નીચે ઊતર્યાં. રસ્તો ક્યારે ખૂટ્યો તેની ખબર જ ન પડી. નીચે આવ્યાં ત્યારે નવાઈ લાગી કે આટલો ઊંચો ડુંગરો ઘડીકમાં કેમ કરીને ઊતરી ગયાં હોઈશું ?

તળેટીએ ગયાં ને ગાડીમાં બેઠાં.

જતાં જતાં ગિરિરાજને સહેજે અમારાથી વંદન થઈ ગયું.

# આબુરાજ

ખરેખર, આબુરાજ જોવા જેવો. માણસે એક વાર તો જોવો જ જોઈએ. ત્યાં જવું હોય તો પહેલાં આબુરોડ સ્ટેશને ઊતરજો, ને ત્યાંથી જજો માઉન્ટ આબુ ઉપર.

ત્યાં જઈને "રઘુનાથજી કા મંદિર" માં ઉતારો કરજો. ડુંગરા વચ્ચે જ એક મોટું બંધું તળાવ છે, ને તળાવને કાંઠે આ મંદિર છે. અહીં સવારે, બપોરે, સાંજે ને રાત્રે નવી નવી શોભા દેખાય છે. ને જો ચાંદની હોય તો તો ઓહો! પાણીમાં લીલા ડુંગરા ડોલતા હોય; ચાંદાએ તો જાણે પાણીમાં ડૂબકી મારી હોય; ચાંદનીમાં તળાવનાં પાણી ચળકે ને ચારેકોર તેજ તેજ ઝળકે. જોઈને થાય: "કેવું સરસ!"

આનું નામ નખી તળાવ.

નખીનું પાણી બરફ જેવું ઠંડું ને મીઠું;

માઉન્ટ=ડુંગરો

જાણે ખોબેખોબે પીધા જ કરીએ! અહીં ના'વા ધોવાની ને તરવાની બહુ મજા. પણ જોજો હો, ત્યાંની સ્ત્રીઓ જ્યાં ના'ય ધુએ છે તે બાજુએ ભૂલે ચૂકે ન જતાં. પાણીમાં બધી જૂ, જૂ, જૂ, ! આપણાં કપડાંમાં કે વાળમાં એકાદ જૂબાઈ આવ્યાં તો થઈ રહ્યું !

આબુ ગયા એટલે રોજ દસ પંદર માઇલ તો ચાલી જ નાખવું જોઈએ. હવા એટલી સારી કે ચાલતાં થાક જ ન લાગે. પછી ભૂખ લાગે ત્યારે ભલે એકલી ખીચડી ને શાક હોય. પણ ખાવાનું કાંઈ મીઠું લાગે !

પહેલાં જ અર્બુદા માતાનાં દર્શન કરજો. એ તો આબુ પર્વતની માતા. ડુંગરના એક શિખર ઉપર એક ભોંયરું છે. સૂતાં સૂતાં જ અંદર ઊતરવું પડશે, ને દીવી પ્રગટશે ત્યારે માતાજીનાં દર્શન થશે. એ અદ્ધર દેવી પણ કહેવાય છે. માતાની પાછળની બાજુએ એક ભોંયરું છે. ત્યાંથી કહે છે કે માતા નખી તળાવે નહાવા જાય છે; તે જોજો. ચોસઠ જોગણીઓ જોજો ને કેટલી યે વાતો સાંભળજો. જતાં આવતાં

રસ્તામાં થોડાંએક પાકાં કરમદાં ને કાચી કેરી પણ ખાતાં આવજો.

પણ ખૂબખૂબ પાકાં પાકાં કરમદાં ખાવાં હોય ને મોટી રાતી રાતી કાંટી ખાવી હોય તો તો નખી તળાવની બીજી બાજુએથી નીકળીને અનાદ્રા પોઈંટ ઉપર જજો. પછી કરમદાં ને કાંટી ખાજો જેટલાં ખાવાં હોય તેટલાં; ને સાથે અમે બનાવેલી લીટી ગાતાં જજો—

**" કાંટી ખાધી, કરમદાં ખાધાં;**
**કેરી તો ખાધી થોડી થોડી !"**

ખાઈને ધરાઈ જાઓ એટલે પછી આસ-પાસની ઊંડી ખીણ, નીચેની નદીઓ ને સામેના ડુંગરાની હારો જોજો. વાદળાં ન હોય તો સૂર્યાસ્ત પણ સુંદર દેખાશે. સૂર્યાસ્ત જોવા માટે સનસેટ પોઈંટ અને અનાદ્રા પોઈંટ પાસે પાસે જ છે. ઠીક લાગે ત્યાંથી સૂર્યાસ્ત જોજો.

વચ્ચે વચ્ચે આબુની બજાર તો જોજો જ. ત્યાં મારવાડી ને મારવાડણો દેખાશે; મારવાડીનાં કપડાં ને વાસણો જોવાશે; નવી જાતની મીઠાઈની દુકાનો પણ દેખાશે.

પણ બજાર જોવામાં મજા ન પડે તો નખી તળાવ ફરતાં ફરજો. કાં તો ચંપાગુફા ને એવી એવી બીજી ગુફાઓ જોજો, ને ત્યાં રહેતા મહાત્માઓનાં દર્શન કરજો. ટોડરોક ઉપર જઈને દેડકરાજ જોજો; ધૂબકો ખાવા તૈયાર થઈને બેઠેલો છે. તમારાથી દસગણો તો એ ઊંચો છે. માથું ઊંચું કરીને બેઠો છે. તમને થશે, આ ઘડીએ જ ધબ કરતો પડશે પાણીમાં! પણ એ તો મોટો પથરો છે; એ કાંઈ પડતો નથી.

ત્યાં ઊભાં ઊભાં આખો આબુરાજ દેખાશે. જયપુરની કોઠી ને જોધપુરની કોઠી; બિકાનેરની કોઠી ને લીંબડીની કોઠી; આવી આવી કોઠીઓ દેખાશે. કોઠી એટલે દાણા ભરવાની કોઠી નહિ હો! રાજાઓના ત્યાં જે ઉતારા છે તેને કોઠીઓ કહે છે.

દૂર દૂરથી માણસો જોવા આવે છે તે કાંઈ દેડકરાજ માટે નહિ. એ તો જાય છે સીધા દેલવાડાનાં મંદિરોમાં. આગ્રામાં જુઓ તાજ ને દેલવાડામાં જુઓ જૈનમંદિરો. બધાં મંદિરો

ટોડ=દેડકો    રોક=ખડક    ધૂબકો=કૂદકો

આરસનાં. શું એનું એ કોતરકામ! અદ્‌ભુત! એટલું બધું સુંદર, એટલે બધું સુંદર, કે જોતાં ધરાઈએ જ નહિ. પણ આ બધું ઊંચી ડોક કરીને જોવું પડે ને ડોક આવે દુખવા. ત્યારે? ત્યારે ઘુમ્મટ નીચે સુંવાળા ઠંડા આરસ ઉપર લાંબાં થઈને સૂઈ જવું ને સૂતાં સૂતાં નિરાંતે જોવું. ઝીણી નજરે જોવું. પછી કેટલું યે દેખાશે. જાતજાતના નાચ શીખવા હોય તો ત્યાંથી જડશે; હસ્તીદળ અને અશ્વદળ—હાથીઓ ને ઘોડાનાં સૈન્યોનાં યે સુંદર ચિત્રો જડશે. પાનફૂલની તો જાતજાતની ને ભાતભાતની સુંદર ઘટનાઓ કેટલી યે જોશો. હાથીઓ જોઈને તો ખુશખુશ થઈ જશો. ભગવાનની મૂર્તિઓ પણ ભારે પ્રભાવ-શાળી દેખાય છે. એક મહિના સુધી જોયા કરશો તો યે થશે કે હજી તો જોવાનું અધૂરું જ છે. એવાં આ મંદિરો ને એવી એ કોતરણી!

આ તો માણસે કરેલી શોભા જોઈ. ચાલો હવે કુદરતની શોભા જોવા સામી દિશાએ. જુઓ પેલો વસિષ્ઠાશ્રમ. ત્યાં એકલા ચંપા જ ચંપો! ચંપાનું જ જાણે વન. પીળા સોન-

ચંપાનાં મોટાં મોટાં ઝાડો ને ફૂલોનો તો પાર જ નહિ. કેટલાંક લેશો ને કેટલાંક સૂંઘશો ?

ગૌમુખીનો કુંડ પણ અહીં જ છે. એના ઠંડા પાણીમાં નહાવાની મજા પડે છે. પણ તરવું હોય ને પાણીમાં રમતગમત કરવી હોય તો નખી તળાવે જ જવું. અહીંનો પહેરાવાળો બાવો તમને ચોખ્ખેચોખ્ખું સંભળાવશે : "ઇધર તીરથ હૈ. પાની બગાડને કા નહિ."

આબુથી વસિષ્ઠાશ્રમ જવાનો રસ્તો જરા આકરો કહેવાય. પણ આટલે સુધી આવીને ત્યાં તો જવું જ જોઈએ.

આબુ ગયા તો દેલવાડાનાં મંદિરો ને વસિષ્ઠાશ્રમ તો જોવાં જ જોઈએ. જૈન હો તો તો અચલગઢ ગયા વિના ચાલે જ નહિ. હિંદુ હો ને પગમાં જોર હોય તો ગુરુશિખરે ગયા વિના પાછા ન જ ફરાય.

એવી વાત ચાલે છે કે આબુ ઉપર એક રાણી રહેતી. તેને એક કુંવરી. કુંવરી જેવી રૂપે તેવી ગુણે. રાણીને તે એટલી તો વહાલી

કે, તેને પરણીને કોઈ લઈ જાય તે એને ન ગમે. રાણીએ પણ લીધું કે એક રાતમાં જે કોઈ ચાર રસ્તા કરી આપે તેને કુંવરી પરણાવું : એક રસ્તો વસિષ્ઠાશ્રમ સુધી, એક અચલગઢ સુધી, એક દેલવાડા સુધી ને એક ગુરુશિખર સુધી. મોટા મોટા ડુંગરા ખોદવાના ને ઘટાટોપ ઝાડી કાપવાની; તે એક રાતમાં કેમ બને?

ઘણા કુંવરો આવ્યા ને વીલે મોઢે પાછા ગયા. એક વાર એક ભીલ રાજા આવ્યો, એનું નામ રસિયો વાલમ. એ કહે: "હું કરું રસ્તો." એ તો લાગી પડ્યો ખોદવા. રાતના ત્રણ વાગ્યા ત્યાં સુધીમાં ત્રણ રસ્તા કરી નાખ્યા. રહ્યો એક ગુરુશિખરનો. અડધો કર્યો ત્યાં રાણીને થયું : "અરે! આ તો સવાર પહેલાં ચોથો રસ્તો પણ કરી નાખશે!" રાણીએ તો ચાર વાગે જ કૂકડો બોલાવ્યો.

રસિયાને થયું : "હેં! સવાર પડી ગયું? હવે કુંવરી ક્યાંથી મળે!" બિચારો નિરાશ થયો, ઝેરનો પ્યાલો પીધો ને ત્યાં જ સૂતો.

ઘટાટોપ=ખૂબ ગીચ

દેલવાડામાં એનું મંદિર છે. જેવો રસિયો બહાદુર એવી જ એની મૂર્તિ પણ છે. એના હાથમાં ઝેરનો પ્યાલો આપેલો છે. સામે જ કુંવરીનું મંદિર છે. કુંવરીએ પણ રસિયા વાલમ પાછળ દેહ ત્યજેલો. પાસે એક પથરાનો ઢગલો દેખાય છે. લોકો કહે છે એ રાણીનું સ્થાન છે. જતાં આવતાં બધાં કુંવારી કન્યાને ને રસિયા વાલમને પગે લાગે છે, ને રાણીના સ્થાનક ઉપર પથરા ફેંકે છે.

# હિમાલયનાં દર્શને

: ૧ :

રેલગાડી ઘરઘર કરતી જતી હતી.

અમે હિમાલયનાં દર્શને નીકળ્યાં હતાં.

અમને લાગ્યું : "ગાડી આટલી ધીમી કેમ ચાલે છે ?"

પણ ગાડી અમારું શાનું માને ? અમે ઉતાવળાં થયાં હતાં તેનું એને શું ? એને તો રોજ હિમાલય જવું ને રોજ ત્યાંથી પાછા આવવું. દસ કલાકે પહોંચાડે.

"પણ અરે ? આ આટલાં બધાં વાદળાં ક્યાંથી ? કેટલાં બધાં ચળકતાં ? ને એના રંગો ? ગુલાબી ને જાંબલી. ને એની કોર તો જાણે હીરે જડી ?"

અમે તો બધાં જોઈ જ રહ્યાં. જોતાં છતાં આંખ ધરાય જ નહિ. જોતજોતામાં વાદળાં ગુલાબી મટી ધોળાં થયાં.

પણ ધોળાં તે કાંઈ ધોળાં? પીંજેલા રૂના પોલ કરતાં યે ધોળાં! ધોળાં ધોળાં બગલા જેવાં! ચળકતાં ચળકતાં હીરા જેવા!

કુસુમ કહે: "બા, બા! આ વાદળાં તો જો! જાણે રૂના ડુંગરા!"

ગાડીના લોકો હસી પડ્યાં.

એકને ગુજરાતી આવડતું હતું. તે કહે: "બ્હેન! આ ડુંગરા રૂના નથી; આ તો બરફના છે."

અમે બધાં ચમક્યાં. "શું! આ જ બરફના ડુંગરા? આ જ હિમાલય?" અમે તો જાણે હર્ષઘેલાં બન્યાં.

મને મનમાં થયું: "શું કરું? પગે લાગું? વંદન કરું? શિર નમાવું? કે ઉઘાડી આંખે જોયા જ કરું? કરું શું?"

મેં પુછ્યું: "ગૌરીશંકર તે આ જ કે?"

કોઈએ કહ્યું : “ ના ના; ગૌરીશંકર તો બહુ ઊંચું છે ને પાછળ છે; અહીંથી તે નથી દેખાતું. ”

“ ત્યારે આ ક્યાં શિખરો ? ”

“ આ તો કંચનગંગા ને ધવલગિરિ. ”

નાનપણમાં ભૂગોળમાં ગોખેલાં ને નકશા ઉપર ભાળેલાં : કાળાં કાળાં કંચનગંગા અને ધવલગિરિ !

“ અહાહા ! આ કંચનગંગા ને ધવલગિરિ ? ક્યાં આ હિમાલયનાં હિમશિખરો ને ક્યાં પેલાં નકશા ઉપરનાં કાળાં શિખરો ! ”

હિમાલયનાં દર્શન કરતાં કરતાં ને એની વાતો કરતાં કરતાં અમે હિમાલયની તળેટીમાં હિમાલયના પગ પાસે આવી પહોંચ્યાં. અહીંથી અમારી ગાડી પર્વત ઉપર ચડવા લાગી. હવે બરફનાં શિખરો દેખાતાં બંધ થયાં. ગાડી ધીમે ધીમે જતી હતી; વાંકીચૂંકી જતી હતી; જંગલો અને પર્વતની વચ્ચેથી જતી હતી.

“ અરે ! પેલાં ખેતરો અને મેદાનો તો

છેક નીચે રહી ગયાં ! પેલાં મોટાં મોટાં ઝાડો તો જાણે ઘાસ ઊગ્યું ! ”

અમારી ગાડી એટલી બધી ઊંચે ચડી હતી.

: ૨ :

“ આ શું ? ઘડીકમાં રાત કેમ પડી ગઈ ? કેટલા વાગ્યા ? ”

“ અરે, રાત કેવી ? હજી તો ત્રણ ઉપર દસ જ થઈ છે. ”

“ ત્રણ વાગ્યા છે ? બપોરના ત્રણ ? ત્યારે રાત જેવું આટલું અંધારું કેમ છે ? ને ગાડીમાં તો દીવા પણ થયા. અરે ! હવે તો ઝાડવાં પણ દેખાતાં નથી. અને બારી બહાર બધું ઝાંખું ઝાંખું કેમ છે ? ને ગાડીના દીવા પણ ઝાંખા ઝાંખા ? શું, અહીં ત્રણ વાગે જ રાત પડે છે ? ”

“ ના; ત્રણ વાગે તો નહિ, પણ પાંચ વાગે પૂરેપૂરું અધારું થઈ જાય છે. ત્રણ–ચાર વાગે એટલે અહીંનો સંધ્યાકાળ. ”

“ એટલે અત્યારે સાંજ પડે છે, ખરું ? પણ સાંજ પડતાં એકદમ આટલું બધું અંધારું

કેમ થઈ ગયું? આ તો વરસાદ હોય એના જેવું દેખાય છે."

"હજી સાંજ તો પડી નથી, ને વરસાદ પણ નથી પડતો; પણ ધુમ્મસ જામ્યું છે. આ અંધારું ધુમ્મસને લીધે છે."

"ધુમ્મસ? ઘડીકમાં ક્યાંથી આવ્યું?"

"એ આવ્યું નથી; આપણે ધુમ્મસમાં આવ્યાં છીએ."

"તે કેમ?"

"આપણી ગાડી એટલી બધી ઊંચી ચડી છે; એટલે કે હવે આપણે વાદળાંમાં આવ્યાં છીએ."

"એમ! ધુમ્મસ એટલે વાદળાં કે?"

"હાસ્તો."

"ઓહો! નીચે હોઈએ ત્યારે ઊંચે ઊંચે વાદળાં દેખાય છે તેની જ વચ્ચે આપણે છીએ? ત્યારે તો આપણે આકાશમાં આવ્યાં. વાહવાહ! આજે તો પવિત્ર થયાં. પવિત્ર હિમાલયનાં વાંદળાં આપણને અડયાં!"

: ૩ :

વૃક્ષો તો હિમાલયનાં જ: સીધાં ને ઊંચાં. જાણે કે ગાતાં હોય—

> **"નહિ નમશે રે નહિ નમશે,**
> **આ શીશ અમારું નહિ નમશે."**

ખરેખર! ગમે તેટલો પવન આવે, ગમે તેટલો વરસાદ પડે, ગમે તેટલી ટાઢ પડે, ભલે બધાં પાન ખરી જાય, ભલે થડ ઉપર ધોળા-કાળા ડાઘ પડી જાય, ભલે સાવ કંગાલ થઈ જાય, તો યે તેમનું માથું તો ઊંચું ને ઊંચું; તેમનું કાઠું તો ટટ્ટાર ને ટટ્ટાર જ. હિમાલયનાં વૃક્ષો ને તેનાં ફળફૂલની શી વાત કરીએ?

જ્યાં વનદેવીનો જ ફૂલબાગ ને ફળવાડી હોય ત્યાં પૂછવું જ શું? કેવા એના રંગો? કેવાં એનાં રૂપો? ને શી પશુપક્ષીઓની શોભા!

બીજું તો ઠીક, પણ અહીંનાં ગધેડાં ય રૂપાળાં. એમના વાળા ધોળી સુંવાળી ઊન જેવા.

અહીંનાં ડુંગરી માણસોનાં છોકરાંઓના

કાઠું=બાંધો

ગુલાબી ગુલાબી ગાલ જોતાં ધરાઈએ જ નહિ. ને એમની બોલી કંઈ મીઠી ! સાંભળ્યા જ કરીએ; સાંભળ્યા જ કરીએ !

મને થયું : "આ બાળકો માટે અહીં એક બાલમંદિર ઉઘાડયું હોય તો? તેમને નાક, હાથ ને મોઢું સાફ કરવાનું બતાવાય. એ પણ રમતિયાળ તો છે જ, એટલે સાફસૂફ થઈને પછી સુખેથી રમે ને કૂદે. બાલમંદિરમાં તો ઊન કાંતવાનું પણ શીખવાય."

એ લોકોની શાળા જોઈને લાગ્યું કે આ તો ઊડતા પંખીઓને પાંજરામાં પૂર્યાં કહેવાય !

અંધારી ટાઢી ભીની એવી ઓરડીઓમાં છોકરાં ભણતાં હતાં. નકશા ઉપર હિમાલય જોતાં હતાં; કંચનગંગાનું ભવ્ય શિખર તેમને ત્યાં શોધવું પડતું હતું ! મને થયું કે "પેલાં બહાર ઊભેલાં કંચનગંગા ને ધવલગિરિ તો ખડખડ હસીને કહેતાં હશે: એ આ રહ્યાં અમે. જરાક વાદળાં પાછળ સંતાયાં હતાં, ત્યાં તો અમને કાગળ ઉપર શોધવા નીકળ્યાં ?

રોજ ભેગાં જ વસો છો તો ય સાવ ભૂલી ગયાં ? એ ગાંડાં ન થાવ. અહીં આવો, અહીં. આપણે રોજની જેમ સંતાકૂકડી રમીએ.”

: ૪ :

ઓહો ! ત્યાંની ટાઢ તે કાંઈ ટાઢ ! અમે તો ભારે હિંમત કરીને સરખું બોલવા જઈએ, પણ ત્યાં તો પે–પે–પે જ થઈ જાય. અમને ત્યાં ખરી ખબર પડી કે ઠંડા મુલકના માણસો ચા શા માટે પીતા હશે. અમને લાગ્યું : “ આ આપણે કેવાં મૂરખાં કે ગરમી થતી હોય, પરસેવો ચાલ્યો જતો હોય, ને છતાં ચાને આપણે રકાબીમાં કાઢીને ફૂંક મારી મારીને પીએ છીએ ! ”

ત્યાં તો બધું એની મેળે જ ઠરી જાય; ઘડીકમાં જ ઠરી જાય. અમને તો અહીંની ટેવ. ગરમાગરમ દાળ આવે એટલે અમે તો તે ઠરવાની રાહ જોઈએ, અથવા વાતો કરવામાં ઝટઝટ ગરમાગરમ ખાવાનું ભૂલી જઈએ. ને પછી જોઈ લ્યો; બધું ઠરીને ઠીકરું થઈ જાય !

હિમાલય ઉપર ઘડીકમાં રાત પડી જાય. ત્યાંના લોકો બપોરે બે વાગે ફરવા ને ક્રિકેટ રમવા નીકળે. અને ચાર વાગે ત્યાં તો બત્તીઓ થઈ જાય. જાણે રાતના નવ વાગ્યા!

અને રાત્રે?

અરે બાપ રે! રાતની ઠંડી! અમે તો ઓઢવાનું લઈ ગયાં હતાં. પણ કેમે કરીને હુંફ વળે જ નહિ ને! ઝાઝું ઓઢીએ એટલે ભાર લાગે ને ગુંગળાઈ જઈએ; ને ઓછું ઓઢીએ તો ટાઢ વાય ને ઊંઘ ન આવે. પછી તો અમારાં ડોશીમાએ અમને એક ઓઢવાનું આપ્યું. તેની એક બાજુએ ઘેટાના શરીર ઉપર હોય તેવા એકલા વાળ જ હતા. ઓરડામાં એક મોટી સગડી સળગાવી. ખૂબ ગરમી થઈ એટલે પછી ઊંઘ આવી: ગાઢ ને મીઠી.

: ૫ :

હિમાલયનાં દર્શનથી પ્રસન્ન થઈ અમે પાછાં વળ્યાં; નીચે ઊતર્યાં. મનમાં થતું હતું: "આપણો હિમાલય! સર્વ ઓષધિના રાજા.

ફળફૂલનું ઉપવન !" મન ફુલાયું : "આ કંચનગંગા ને ધવલગિરિ ? આપણું ગૌરી-શંકર ! આપણાં પાર્વતીજીના પિતાશ્રી ! અહા, શો આપણો હિમાલય !"

પણ ખરો હિમાલય કંઈ ગાડીમાં બેસીને જોવાય ? આપણું તીર્થસ્થાન હિમાલય તો જુદો જ. એ તો હરદ્વારથી ઉપર બદરીકેદાર જઈએ, ગંગોત્રી જઈએ, માનસ-સરોવર જઈએ, ને કૈલાસનાં દર્શન કરીએ. ત્યારે હિમાલય ગયા કહેવાઈએ. આ રેલગાડીમાં બેસીને જવાનો હિમાલય તો સાહેબ લોકોનો ને શેઠિયા લોકોનો. ત્યાં કોઇ સંન્યાસી મહાત્મા ન મળે; ત્યાં ભોળા ને ભાવિક જાત્રાળુઓ પણ ન મળે. ત્યાં કાંઈ ખરાં દર્શન ન થાય.

# શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

૮૦ પુસ્તકો

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

( વિગતવાર સૂચિપત્ર મગાવો )

*

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

## શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો

૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાજ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છેટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ.કેમ
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ–ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦-૨૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... " ... ૨-૦૦
બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... " ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... " ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) " ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) " ... ૨૩-૫૦

કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦
રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... " ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ " ... ૫-૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળપ્રવેશ ... ૨-૫૦
સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૨-૫૦

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... સેટના ૮-૦૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા " ૭-૫૦
કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... " ૭-૫૦
ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... " ૧૪-૫૦
સાહસકથાઓ ( ૨૫ પુસ્તકો ) ... ... " ૭૦-૦૦

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ